જીઈબીમાંથી કોપર વાયર ચોરીને નીકળતા બે કર્મચારીઓ પકડાયા

૧૨૫ ફુટ લાંબો કોપર વાયર એક કર્મચારીએ પોતાના સ્કુટરની ડેકીમાં સંતાડયો હતો અને બીજાએ તેના સ્કુટરમાં કોપરનાં ટુકડા નાંખ્યા હતા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જીઈબી ખાતે નોકરી કરતા બે કર્મચારીઓ જીઈબીમાંથી જ કોપર વાયરની ચોરી કરીને પોતાના સ્કુટરની ડેકીમાં મુકી બહાર લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન જીઈબીના ગેટ પાસેથી સિકયુરીટી ગાર્ડે ચેકીંગ કરી ચોરીના વાયર સાથે બંનેને પકડી પાડયા હતાં. બંને ને સે-૨૧ પોલીસને સોંપવામાં આવતા પોલીસે ચોરીનો ગુનો નોંધી ચોરીનો માલ કબ્જે લઈ બંને કર્મીઓની ધરપકડ કરીને પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર ખાતે આવેલી જીઈબીમાં નોકરી કરતા અને જીઈબી કોલોનીમાં રહેતા બે કર્મચારીઓ દિલીપજી છગુજી ડાભી અને ભરત ભગવાનભાઈ ડોડીયા આજે બપોરના સુમારે પોતાના સ્કુટર લઈને જીઈબી કોલોનીની બહાર નીકળી રહ્યા હતા તે દરમિયાન જીઈબીના સિકયુરીટી ગાર્ડે બંને કર્મચારીઓને ઉભા રાખીને સ્કુટર ચેકીંગ કર્યુ તો સ્કુટરની ડેકીમાંથી જીઈબીમાંથી ચોરેલા કોપરના વાયરો તથા કોપરનાં ટુકડાઓ મળી આવ્યા હતાં. ચોરીનો સામાન બહાર લઈ જઈ રહેલા બંને કર્મચારીઓને પકડીને સિકયુરીટીએ પોલીસ બોલાવી લીધી હતી. દિલીપના સ્કુટરની ડેકીમાંથી ૧૨૫ ફુટ લાંબો કોપર વાયર અને ભરતના સ્કુટરની ડેકીમાંથી ૫૦૦ ગ્રામ વજનના કોપર વાયરના ટુકડા મળી આવ્યા હતાં. સે-૨૧ પોલીસે રૂ. ૨૦૫૦ની કિંમતનો ચોરીનો માલ જપ્ત કરીને બંને કર્મચારીઓની ધરપકડ કરી લીધી છે અને અગાઉ ચોરી કરી છે કે કેમ? તે સહિતની પુછપરછ પીએસઆઈ બી.એફ. ઝાલાએ શરુ કરી દીધી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭, શિવશક્તિ સોસાયટી પ્લોટ નં. ૮૪૧નાં મકાનમાં આજે સવારના અરસામાં અચાનક મોટા ધડાકા સાથે આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. મકાનમાંથી બહાર નીકળીને ગૃહિણી વાસણ ઘસતા હતા અને દિકરો અભ્યાસ કરવા બહાર ગયો હતો જેથી આગ લાગી ત્યારે ઘરમાં કોઈ હાજર ન હોવાથી સદ્દભાગ્યે કોઈને ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી. જો કે મકાનમાં લાગેલી આગને પગલે ટીવી, ફ્રીજ, ફર્નીચર સહિતની મોટાભાગની ઘરવખરી તથા માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. ગાંધીનગર ફાયરબ્રિગેડને આગ સંદર્ભે કોલ મળ્યો હતો. જો કે થોડી જ મીનીટો બાદ ફરીવાર કોલ આવ્યો હતો કે આગ બુઝાઈ ગયેલી છે.

નવા બાર કોડેડ રેશનકાર્ડની પ્રક્રિયા ઝડપી બનાવવી જરૂરી

ગાંધીનગર, તા. ૨૦

જુના રેશનકાર્ડની જગ્યાએ નવા બાર કોડેડ રેશનકાર્ડ આપવાની કામગીરી હાલમાં જાણે સાવ ઠપ્પ થઈ ગઈ હોય તેમ જણાઈ રહ્યું છે. નવા બાર કોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ ભરીને આપે પણ ત્રણ ત્રણ વર્ષ વીતી ગયા હોવા છતાં કાર્યવાહી આગળ વધતી જ નથી.

હયાત રેશનકાર્ડની બદલીમાં નવા બાર કોડેડ રેશનકાર્ડ મેળવવા માટે જે તે સંબંધિત વ્યાજબી ભાવની દુકાનેથી ફોર્મ ભરાવવામાં આવેલ છે. જુલાઈ ૨૦૧૦ થી (કદાચ તે પહેલાથી) આ કામ શરૂ કરવામાં આવેલ હતુ. નવા બાર કોડેડ રેશનકાર્ડ ફોર્મ ભર્યા બાદ છ મહિનામાં આપવાના થતાં હતાં. પરંતુ, આજે ફોર્મ ભર્યે ત્રણ ત્રણ વર્ષો વીતી ગયા છતાં નવા બારકોડેડ રેશનકાર્ડ મળેલ નથી. એટલું જ નહી નવા કાર્ડ ક્યારે મળશે તેની પણ જાણ કરવામાં આવેલ નથી. સંબંધિત વ્યાજબી ભાવની દુકાનેથી ફોર્મ ભર્યાની જે પહોંચ આપવામાં આવેલ છે, તેની પાછળ સૂચના ક્રમાંક ૨ (બે)માં લખવામાં આવેલ છે કે 'ફોટો તથા આંગળીની છાપ આપવા આપને જ્યારે બોલાવવામાં આવે ત્યારે આ પહોંચ લાવવી જરૂરી છે, તે વગર ફોટો પડશે નહિ.' આજે ત્રણ ત્રણ વર્ષ વીતી ગયા છતાં રેશનકાર્ડ ધારકને ફોટો પડાવવા માટે બોલાવવામાં આવેલ નથી, તેમજ ક્યારે ફોટા માટે બોલાવવામાં આવશે, તેની પણ જાણ કરવામાં આવેલ નથી. સરકારે નિયત કરેલ આધાર કાર્ડની બાબત અધ્ધરતાલ છે. ત્યારે અનેક બાબતો રેશનકાર્ડ બતાવવાની/ રજુ કરવાની જરૂર પડે છે. વળી ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પાંચ હજાર સભ્યોમાંથી ઘણા સભ્યો બી.પી.એલ. છે, જેમને માટે બાર કોડેડ રેશનકાર્ડની જરૂર પડે છે. આ સંસ્થાના સેંકડો સભ્યો વર્ગ-૪ના નિવૃત્ત કર્મચારીઓ છે, જેઓ વ્યાજબી ભાવની દુકાનોથી આવશ્યક ચીજો ખરીદે છે, તેમના માટે નવું રેશનકાર્ડ હોવું જરૂરી છે. અન્ય સભ્યોને પણ નવું રેશન કાર્ડ ઘણું જ ઉપયોગી છે. તો આ બાબતે નવા બાર કોડેડ રેશનકાર્ડ કેટલા સમયમાં, ક્યાંથી, કઈ કચેરીએથી, કયા ટાઈમે મળશે તેની જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આવાસોની છતમાંથી પોપડા ખરતા તંત્ર દોડતું થયું : સર્વે હાથ ધરાશે

નબળી છતમાં પ્લાસ્ટર દૂર કરી સમારકામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સરકારી આવાસોમાં રોજબરોજ પોપડા ખરતા વસાહતીઓના જીવ પડીકે બંધાયા છે. સે. ૧૬ બાદ સે. ૨૧માં પોપડા ખરવાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ સફાળા જાગેલા તંત્ર દ્વારા આ મામલે આવાસોનો ત્વરિત સર્વે હાથ ધરવામાં આવનાર છે. જ્યારે છતમાં પોલાણ જોવા મળે તેવા કિસ્સામાં તાત્કાલિક સમસ્યાનો નિકાલ લાવવા પણ ઉચ્ચકક્ષાએથી સૂચના આપવામાં આવી છે.

નગરના સરકારી આવાસોની છત સલામત ન રહેતા આવાસોમાં રહેતા રહીશોની સલામતી જોખમાઈ છે. સેક્ટરોમાં સ્થિત આવાસોમાં આડા દિવસોમાં પણ છતમાંથી પોપડું ખરવાના કિસ્સાઓ ધ્યાને આવે છે. જ્યારે ચોમાસામાં આવાસોમાં ઉતરતા પાણીના લીધે ભેજનું પ્રમાણ વધતા સરકારી મકાનોની સ્થિતિ વધુ જોખમી બની હોવાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. બીજી તરફ ચોમાસા પહેલા તંત્રકક્ષાએથી આવાસોના ધાબા સફાઈ કરી વરસાદી પાણીના નિકાલની લાઈનમાંથી કચરો કાઢવા અભિયાન હાથ ધરાયું હતું. જેથી આવાસોના ધાબામાં વરસાદી પાણીનો ભરાવો અટકાવી શકાય. પરંતુ આ કામગીરી અસરકારક પુરવાર ન થતા મોટાભાગના સરકારી આવાસોમાં વરસાદી પાણીના લીધે ભેજ ઉતરી ગયો હોવાનું સ્પષ્ટ થયું છે. જ્યારે જાળવણીના અભાવે ખંડેર બનેલા વર્ષો જૂના આવાસોની છત પણ નબળી હોવાથી છાશવારે પ્લાસ્ટરના મોટામસ પોપડા ખરતા હોવાના કિસ્સાઓ ધ્યાને આવે છે. સરકારી આવાસોની છત સલામત ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે વરસાદી દિવસોમાં આ જોખમી સ્થિતિને નિવારવા તંત્ર દ્વારા આવા આવાસોમાં ખાસ તપાસ હાથ ધરવામાં આવનાર છે. સે. ૧૬ અને ૨૧માં છતમાંથી પોપડુ ખરતા તંત્રના અધિકારીઓ પણ આવાસોની છત ચકાસવા હવે દોડતા થયા છે. આવા આવાસોનો અભ્યાસ કરી ટુંકમાં આ સમસ્યા નિવારવા તંત્રની ટીમ કામે લાગી છે.

શહેરમાં ટ્રાફીક નિયમનની કામગીરી કડક બનાવાશે

નિયમોની ચુસ્ત અમલવારી માટે તથા ટ્રાફીક નિયમન માટે વધુ ૧૭ ટ્રાફીક બ્રિગેડના જવાનોની ભરતી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારમાં હાઈવે પર માર્ગ અકસ્માતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે આ સ્થિતિમાં ટ્રાફિક નિયમનની કામગીરી સઘન બનાવવા ઉપરાંત ટ્રાફિકના નિયમોનું વાહનચાલકો ચુસ્ત રીતે પાલન કરે તે પણ જરુરી છે. નિયમોનું પાલન તથા ટ્રાફીક નિયમન વ્યવસ્થિત કરાવવાના હેતુસર ગાંધીનગર જિલ્લા પોલીસમાં વધુ ૧૭ ટ્રાફીક બ્રિગેડના જવાનોની ભરતી કરવામાં આવી છે. જેમને ૧લી જુલાઈથી વિવિધ સર્કલ પર પોઈન્ટ આપી દેવામાં આવશે.

ટ્રાફીક બ્રિગેડના જવાનોને માનદ વેતન આપીને જિલ્લા પોલીસ દ્વારા કરારને આધારે ભરતી કરવામાં આવ્યા હતાં. દૈનિક ભથ્થુ ઓછું હોવાની સામે ખરા તડકામાં ઉભા રહીને કરવી પડતી આકરી કામગીરીને પગલે મોટાભાગના ટ્રાફીક બ્રિગેડના જવાનો છુટા પણ થઈ ગયા હતાં. વીસેક જેટલા જવાનો હજુ ડયુટી બજાવે છે ત્યારે હજુ ટ્રાફીક બ્રિગેડની જરુર હોવાથી જિલ્લા પોલીસે વધુ ૧૭ ટ્રાફીક બ્રિગેડનાં જવાનોની ભરતી કરી છે. દરેક નવા ભરતી પામેલા ટ્રાફીક બ્રિગેડના જવાનોને યોગ્ય તાલીમ આપ્યા બાદ કેટલાક મહત્વના નિયમો અને ગુનાઓની જાણકારી આપી ૧લી જુલાઈથી વિવિધ સર્કલ પર ડયુટી માટે તૈનાત કરી દેવામાં આવશે.

લાયન્સ કલબના નવા હોદ્દેદારો માટે પદગ્રહણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર લાયન્સ અને લાયોનેસ કલબ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ને અનુલક્ષી નવા પ્રમુખ તરીકે લાયન રૂચિર ભટ્ટની વરણી કરવામાં આવી છે. જયારે લાયોનેસ પ્રમુખ તરીકે આરતી એચ. ભટ્ટ અને લીયો પ્રમુખપદે રાજેશ ગોવડાની નિયુકિત કરવામાં આવી છે. નવા હોદ્દેદારોના પદગ્રહણ માટે તા. ૨૨ જૂનના રોજ સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે સાંજે ૭ કલાકે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ તબક્કે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી શંકરભાઈ ચૌધરી તેમજ રાજય ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, લાયન ડૉ. પ્રવિણકાન્ત દવે ઉપસ્થિત રહેશે. જયારે લાયન અનિલ જયસિંઘાની, લાયોનેસ ઉષા ગજ્જર, લીયો પદમસિંહ ચૌહાણ લાયોનેસ વૈશાલી જોષી તેમજ લીયો સૌનક દવે પણ ઉપસ્થિત રહેશે.

રથયાત્રામાં વાહન કે ટેબ્લોની નોંધણી કરાવવી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં પરંપરાગત રીતે ૨૮ વર્ષથી રથયાત્રા નિકળે છે. ૧૦મી જુલાઈએ યોજાનાર રથયાત્રામાં પોતાનું વાહન, ટેબ્લો મુકવા માંગતા નગરજનો, વેપારીઓને અગાઉથી વાહનની નોંધણી કરાવવા રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર રથયાત્રા સમિતિની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આગામી ૧૦મી જુલાઈએ અષાઢી બીજના રોજ પરંપરાગત યોજાનાર રથયાત્રામાં પોતાનું વાહન, ટેબ્લો મુકવા માંગતા નગરજનો, સંસ્થાઓ કે વેપારીઓએ પોતાના વાહન અંગેની નોંધણી અગાઉથી રવિભાઈ રાવલ મો. ૯૫૫૮૮૫૨૨૧૩ અથવા હિમાંશુ ભચેચ મો. ૮૪૮૭૦ ૨૦૭૨૦ ને કરાવવા હાર્દિક અપીલ કરવામાં આવી છે. વ્યવસ્થાના ભાગરૂપે સહકાર આપવા સહુ નગરજનોને ખાસ જણાવાયું છે.

ગાંધીનગર શહેરમાં ધામધૂમથી શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરના નંદલાલ ચોકની -થમિક શાળા નંબર- ૪ ખાતેથી આજરોજ જિલ્લા -ભારી મંત્રી અને નાણાં મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે શહેરી કક્ષાના શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો -રંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ ગાંધીનગર મ્યુનિસિપલ વિસ્તારની સેકટર-૨૭ની -થમિક શાળામાં પણ ધોરણ-૧ના બાળકોને કંકુ તિલક કરીને -વેશવિદ્યિ સંપન્ન કરાવી હતી.

આ -સંગે નાણાં મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં આજથી શહેરી કક્ષાના શાળા -વેશોત્સવનો આરંભ થયો છે. ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયનો સર્વાંગી વિકાસ કરવા માટે શિક્ષણ પર સૌથી વધુ ભાર મુક્યો છે. ૬ કરોડ ગુજરાતીઓમાંથી ૧ કરોડ જેટલા ગુજરાતીઓ વિવિધ તબક્કાના શિક્ષણ સાથે સંકાળાયેલા છે, એટલે કે દર ૬ ગુજરાતીઓએ એક ગુજરાતી વિદ્યાર્થી છે.

વર્ષ- ૧૯૯૦માં ગુજરાતમાં ૫૦ ટકા જેટલા શિક્ષકોની ઘટ હતી, તેવું જણાવી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયમાં છેલ્લા એક દાયકાના ટુંકા ગાળામાં પારદર્શક રીતે ૧ લાખ ૩૩ હજાર જેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. શાળામાં ૭૫ હજાર કરતાં વધુ ઓરડાઓ બનાવવામાં આવ્યા છે. તેમજ શિક્ષણ માટે જરૂરી અન્ય ભૌતિક

સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. એક દાયકાથી રાજયભરમાં યોજાતા આ કાર્યક્રમ થકી આજે ડ્રોપ આઉટ રેસીયો ૩૫ ટકાથી ઘટીને ૨ ટકાએ આવી ગયો છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે રાજયમાં ગુણોત્સવનો કાર્યક્રમ અને શિક્ષકો માટે ખાસ તાલીમ વર્ગોનું પણ આયોજન કરવામાં આવે છે.

મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે કલોલ શહેરની શાળા નંબર-૪ ખાતે ધોરણ- ૧માં ૨૮ બાળકો અને આંગણવાડીમાં ૯૧ નાના ભુલકાઓને કંકુ તિલક કરીને -વેશવિદ્યિ સંપન્ન કરાવી હતી. તેમજ ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારની સેકટર- ૨૭ની -થમિક શાળામાં કુલ- ૧૪ બાળકોને કંકુ તિલક કરી દફ્તર, કપાસ, નાસ્તાનો ડબ્બો અન્ય ચીજ વસ્તુઓ ભેટ આપીને -વેશ કરાવ્યો હતો. સાથે જ ધોરણ-૮માં -વેશતાં ૨૦ વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકની કીટ આપી હતી. કલોલ શહેર અને ગાંધીનગર શહેરની શાળાઓમાં વિવિધ ચીજ વસ્તુઓના દાતાશ્રીઓનું અને ધોરણ- ૩ થી ૮માં વર્ગખંડમાં -થમ નંબરે પાસ થનાર વિદ્યાર્થીઓનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. બન્ને શાળાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

કલોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કલોલ નગરપાલિકાના -મુખ શ્રી મહેન્દ્રસિંહ બાવરિયા, જિલ્લા ભાજપ -મુખ શ્રી નૈલેશભાઈ શાહ, કલોલના પૂર્વ ધારાસભ્ય શ્રી ડી અતુલભાઈ પટેલ, નગરપાલિકાના પૂર્વ -મુખ શ્રી -હલાદભાઈ મુખી, શહેર ભાજપના -મુખ શ્રી નિરવ પટેલ, તાલુકા ભાજપ -મુખ શ્રી વિષ્ણુભાઈ પટેલ, ન્ત અધિકારી શ્રી હિમાંશુભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયાં હતાં.

ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર(૩)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ શ્રી ઝવેરભાઈ ચાવડા, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટ, મ્યુનિસિપલ કમિશનર શ્રી એલ.પી.પાડલિયા, શહેર ભાજપના -મુખ શ્રી રૂચિર ભટ્ટ, ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર શ્રી આશિષભાઈ દવે, કાર્તિકભાઈ પટેલ, સુરેશભાઈ મહેતા સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયાં હતાં.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૧૫

તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૬૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વર્લ્ડ વર્ઝ ઉડી(હિન્દી) : ૯.૪૫, ૫.૩૦, ૧૦.૩૦
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી): ૨.૪૫
શોર્ટ કટ રોમિયો : ૧૨.૦૦, ૭.૪૫
: સ્ક્રીન-૨ :
રાંજહના : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રાંજહના : ૯.૦૦
ફુકરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ફુકરી : ૧૦.૩૦
યે જવાની હૈ દિવાની : ૧.૦૦, ૬.૩૦, ૯.૪૫
ફસ્ટ એન્ડ ફુરીયસ : ૪.૦૦

સૂર્યા, વાવોલ

ચિત્તા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
એનીમી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાંજહના : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ઈનેમી: ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
શોર્ટ કટ રોમીઓ : ૧.૦૦
: સ્ક્રીન-૩ :
શોર્ટ કટ રોમીઓ : ૧૦.૪૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
ઈનીમી : ૧.૩૦

ચિરાગ, કલોલ

રાંજહના - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' નામક નાટક પ્રસ્તુત રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થશે. માલ- મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

વૃષભ : વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ આપશે. વ્યાપારિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. નિર્ણયોને ખાનગી રાખવા હિતકારક હોય છે. બુદ્ધિ અને મનોબળથી સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થશે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થઈ શકે છે.

મિથુન : નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. જવાબદારીના કાર્યોમાં સાવચેતી રાખવી. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો.

કર્ક : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતન થશે. કુટુંબિજનો અને મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકશે.

સિંહ : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. આમોદ- પ્રમાદના અવસર આવશે.

કન્યા : નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વ્યાપારીક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થઈ શકશે. બૌદ્ધિક હેરાનગતિની શકયતા છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે.

તુલા : ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો. ધાર્મિક યાત્રાની સંભાવના છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો નહીંતો મુશ્કેલી થઈ શકે છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

વૃશ્ચિક : મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

ધન : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ. ભાગ્યવર્ધક યાત્રાઓ થશે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે.

મકર : નવી કાર્ય યોજનાનો યોગ પ્રબળ બની રહ્યો છે. સ્ફુર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.લાભનો માર્ગ ખુલ્લો થશે.

કુંભ : શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા થશે. પરિવારમાં સુખ શાંતિનું વાતાવરણ રહેશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ. શોધપૂર્ણ કાર્યોથઈ વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. શત્રુઓથી હાનિ થવાની આશંકા રહેશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. વેપારમાં લાભ થવાનો યોગ છે.

ચિરવિદાય

- સ્વ. રાજેશકુમાર ધનવંતી સુરજપાલ (ઉ.વ.૨૧) લીવીંગ ઈન એરમેન એરફોર્સ કેમ્પસ, લેકાવાડા પાટીયા, ગાંધીનગર.
- સ્વ. નિર્મલાબેન ભગવાનદાસ નિમાવત (ઉ.વ.૮૦) બ્લોક નં. ૧૫૧/૧૧, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. કીરીટભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ.૫૨) પટેલવાસ, રામજી મંદિર પાછળ, મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.